સ્થાપના: ૮ ઓક્ટોબર, ૧૮૯૯.
રજી. નં. એ-૬૩૨, મુંબઇ.
ફોન : ૦૨૨-૩૫૪૧ ૮૬૮૧
મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮
Email : jaianavilpub@yahoo.com
Website : www.anavilsamaj.org

૧૦ જાન્યુઆરી - ૨૦૨૩
તંત્રી : મધુસૂદન દેસાઇ
મો. : ૯૮૨૧૧૨૮૬૯૧૪
માત્ર સભ્યો માટે
વર્ષ : ૨૧ - અંક - ૦૧

# જય અનાવિલ


## શ્રી અનાવિલ સમાજ, મુંબઈ.

(કાર્યાલય સમય : મંગળ થી શનિ સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦, રવિ ૧૧.૦૦ થી ૨.૦૦)
(સોમવારે કાર્યાલય બંધ રહેશે)

RNI No. MAH-GUJ/2003/9893 • Post Regn. No. MCN/116/2022-2024
Posted at : Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001.
કિંમત રૂા. ૪/- Published & Posted on 10th Day of every month કુલ પાનાં - ૨૦

સભ્ય ફી : ❖ આશ્રયદાતા સભ્ય રૂા. ૨૧૦૦૦/- ❖ આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-
❖ વાર્ષિક સામાન્ય સભ્ય રૂા. ૫૦/-






Prepared by Dilipbhai.

## અભિનંદન

શ્રી અનાવિલ સમાજ, મુંબઈ દ્વારા ૨૦૨૨-૨૦૨૩માં અસહાય મહિલા સહાયનું વિતરણ રૂ. ૧૨,૭૭,૪૦૦.૦૦ જિલ્લા પ્રમાણેના ચાર્ટ સમાજના ખજાનચી દિલીપભાઈ દેસાઈ એ રજુ કરેલ છે. એમાં ફકત મુંબઈના ૨%, સુરત અને નવસારી સાથે ૫૧%, શ્રી અનાવિલ સમાજ, મુંબઈ ૯૮%, સહાય ગુજરાતમાં કરે છે. દિલીપભાઈએ આ ચાર્ટ દ્વારા સુંદર રીતે અવલોકન કર્યું છે. અભિનંદન

## પ્લોટ વેચંવાનો છે

ઠાકોરવાડીના સાંનિધ્યમાં ઓરેન્જ હોસ્પિટલની સામે, સ્ટેશન રોડ, નવસારી ૪૦ ફૂટ રોડની પહોળાઈ પર ૪૭૩૬.૦૦ ચો. ફૂટ કોમર્શિયલ પ્લોટ વેચવાનો છે. સ્ટેશનની પાસે.

સંપર્ક : સ્વ. સુશીલાબેન ઠાકોરભાઈ મહેતાના વિલના એક્ઝીક્યુટર

શ્રી ભરતભાઈ દેસાઈ: ૦૯૮૨૧૦૫૫૦૬૪

શ્રી શેખર પરીખ : ૯૪૨૬૮૦૯૪૪૪.

## આગામી કાર્યક્રમ

## શ્રી અનાવિલ સમાજ, મુંબઈ મહિલા સમિતિ

શ્રી અનાવિલ સમાજ મુંબઈ મહિલા સમિતિ દ્વારા
યોજિત કાર્યક્રમ શનીવાર, તારીખ ૨૧–૧–૨૦૨૩ના
રોજ સાંજે ૫.૩૦વાગે,
ઊંધિયું, પોંક, મઠો અને મનોરંજન વગેરે,
૨૧૫, મગન મહલ, કોર્ટ લેન, અંધેરી પૂર્વ, મુંબઈ – ૪૦૦૦૬૯.
મુકામે સર્વ જ્ઞાતિજનોને હાર્દિક આમંત્રણ છે. એ માટે વ્યક્તિ દીઠ રૂપિયા ૨૦૦.૦૦ આપીને નામ નોંધાવવાના રહેશે.
વહેલામાં વહેલી તકે નામ નોંધાવવા વિનંતી છે.
નીચે જણાવેલ વ્યક્તિનો સંપર્ક સાધવા વિનંતી.

૧. મીનાક્ષી બેન દેસાઈ : મોબાઈલ– ૯૯૬૯૮૮૮૦૬૨
૨. ગીતાબેન નાયક : મોબાઈલ : ૯૮૩૩૮૫૭૬૧૬
૩. શ્રી અનાવિલ સમાજ,મુંબઈ : ૩૫૪૧૮૬૮૧/ ૯૧૩૭૧૨૧૬૭૮

કાર્યક્રમમાં ભાગ લેનારે નામ, મોબાઈલ તથા એરિયા જણાવવા વિનંતી.

લી. શ્રી અનાવિલ સમાજ, મુંબઈ મહિલા સમિતિ વતી

# અનોખો કિસ્સો

# નાનાપુરાના ૪૦ વર્ષીય ડિમ્પલ દેસાઈ અનેક માટે પ્રેરણારૂપ






માતાપિતાની સેવા માટે લગ્ન ન કર્યાં, પોતાની મા બનવાની ઝંખના હતી તો IVFથી જોડિયા બાળકોને જન્મ આપ્યો

સુરતની એક યુવતીએ IVFની મદદાથી જોડિયા બાળકોને જન્મ આપી માતા બની છે. કોઈ પણ મુરતીયા પસંદ ન આવતાં લગ્ન ન કરવાનો નિર્ણય લીધા બાજ તેને માતા બનવાની ઝંખના થઈ હતી. આખરે IVFની સારવાર બાદ બુધવાર, તા.૧૪.૧૨.૨૦૨૨ ના રોજ જોડીયા બાળક-બાળકી (માહી-મહાન) ને સિઝરીયન દ્વારા જન્મ આપ્યો છે.

નાનપુરા રહેતા પ્રતિષ્ઠિત દેસાઈ પરિવારના ૪૦ વર્ષીય ડિમ્પલ દેસાઈ અને તેમના મોટા બહેન માટે માતા-પિતા, રીટાબેન-નરેશભાઈ યોગ્ય પાત્ર શોધતા હતા. જે ન મળતાં તેમ જ માતા-પિતાની પણ સારસંભાળ લઈ શકે અને દીકરીઓ દીકરા સમાન બની સેવા કરી શકે તે માટે બંને બહેનોએ આજીવન લગ્ન ન કરવાનો નિર્ણય કર્યો હતો. મોટી બહેન રૂપલ હોટેલ મેનેજમેન્ટના અભ્યાસ બાદ દુબઈ સ્થાઈ થઈ અને ડિમ્પલ એન્જિનિયર બની માતા-પિતા સાથે રહે છે. પણ સ્ત્રી હોય એટલે માતૃત્વની ઝંખના હૃદયમાં જીવંત હોય જ. આખરે ડિમ્પલે મહત્ત્વનો નિર્ણય કર્યો અને IVFની મદદથી સિંગલ મધર બનવાનું નક્કી કર્યુ. સામાજિક રીતે આ નિર્ણય ખૂબ જ પડકારજનક હતો છતાં મક્કમ મને નાણાવટની સાંઈ-પૂજા હોસ્પિટલનો સંપર્ક કરી ડો. રાજીવ પ્રધાન અને ડો. રશ્મી પ્રધાનના માર્ગદર્શન હેઠળ સારવાર શરૂ કરાવી. ૨ સાઈકલના પ્રયાસ બાદ ડિમ્પલ ગર્ભવતી થઈ અને પ્રસુતી થઈ હતી. જેમાં ૧ બાળક અને ૧ બાળકીને જન્મ આપ્યો છે. ડિમ્પલના આ નિર્ણય વિધવા, ત્યકતા તેમજ અપરણીત મહિલાઓ માટે ઉદાહરણરૂપ સાબિત થશે.

## બીમારી સામે લડવા બાળકોના સ્ટેમસેલ સ્ટોર કરાય

બંને બાળકોને ભવિષ્યમાં શારીરિક તકલીફ ન પડે તે માટે સ્ટેમસેલ સ્ટોર કર્યા છે. ડો. પ્રધાને જણાવ્યું કે લીમ્ફોમાં કે કેન્સર જેવી જીનેટીક બીમારી થાય તો સ્ટેમસેલની મદદથી સારવાર આપી શકાય છે. સ્ટેમસેલ ગંભીર બીમારીમાં ખૂબ ઉપયોગી છે.

# શ્રી અનાવિલ સેવા મંડળ (ગોરેગામ થી વિરાર)

શ્રી અનાવિલ સેવા મંડળ (ગોરેગામ થી વિરાર) દ્વારા સ્નેહસંમેલન વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામ, જયેષ્ઠ નાગરિકોનું સન્માન, વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનારનું બહુમાન વગેરેનો કાર્યક્રમ મલાડ ખાતે યોજાયો જેમાં સમારંભના પ્રમુખ પદે શ્રીમતી પદમીનીબેન શરદભાઈ દેસાઈ- મુલુંડ, અતિથિ વિશેષ શ્રી રણજીતભાઈ ધીરજલાલ દેસાઈ - મલાડ, આમંત્રિત શ્રી કેતનભાઈ હિરેનભાઈ વશી - વિલે પાર્લા, ડો. દર્શન દેસાઈ - બોરીવલી રહ્યા.

કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ડો. શ્વેતાબેન દેસાઈ, શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈ તથા શ્રી હિરુભાઈ દેસાઈએ સુંદર રીતે કર્યું.

મંડળના પ્રમુખ શ્રી જયંતિલાલ છગનલાલ દેસાઈએ સૌને વધુને વધુ સંખ્યામાં કાર્યક્રમમાં હાજર રહેવા તથા કાર્યક્રમનો સાફળ બનાવવા જેઓએ જહેમત ઉઠાવી તેઓની પ્રશંસા કરી તથા ભવિષ્યમાં પણ આવો ઉત્સાહ રાખવા વિનંતી કરી, મંડળના સભાસદ થવા વિનંતી કરી.



આ પ્રસંગે અનાવિલ જ્ઞાતિના ભાઈ-બહેનો દ્વારા સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો જેનું દીગ્દર્શન શ્રીમતી નેહાબેન દેસાઈએ સુંદર રીતે કર્યું.

આ પ્રસંગે હાડકાના બોનડેન્સિટી સ્કેન, ટેક્ષા સ્કેન નિદાનનો કેમ્પનું આયોજન ડો. દર્શન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું.

કાર્યક્રમના વખાણ કરતા પ્રિતિભોજન લઈ સૌ છૂટા પડયા અને આવા અનેક પ્રોગ્રામો કરવા વિનંતી કરી.

આ કાર્યક્રમમાં હરીશ ભરતભાઈ દેસાઈ-મલાડ દ્વારા હાજર રહેલ સર્વ જ્ઞાતિજનોને ભેટ આપવામાં આવી હતી.

## સંસ્થા સમાચાર – શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળ

તારીખ ૧૭/૧૨/૨૦૨૨ આનંદ મેળાના પ્રથમ દિવસે ડાન્સ કાર્યક્રમ, ધોરણ ૧૦ના તેજસ્વી તારલાઓ તથા વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરેલ અનાવિલોની ફોટો લિંક

શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળ દ્વારા તારીખ ૧૭/૧૨/૨૦૨૨ અને ૧૮/૧૨/૨૦૨૨ના રોજ આનંદમેળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં અનાવિલ સમાજના તેજસ્વી તારલાઓ ધોરણ ૧૦માં અભ્યાસ કરતા ૭૧ વિદ્યાર્થી અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતા ૫૫ વિદ્યાર્થી તથા રાજ્ય અને રાષ્ટ્રિયસ્તરે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ ૧૯ અનાવિલોને સન્માનિત કરવામાં આવ્યા હતા તમામ તેજસ્વી તારલાઓને ઉજ્જવળ ભવિષ્યની અનેક અનેક શુભકામનાઓ પાઠવીએ છે

આનંદ મેળામાં ડાન્સની અંદાજિત ૨૩ કૃતિઓ અને ગીત સંગીતની ૨૮ કૃતિઓ અનાવિલો ધ્વરા રજૂ કરવામાં આવી હતી જેને ખૂબ જ સુંદર પ્રતીસાદ પ્રેક્ષકો દ્વારા મળેલ હતો ઉપસ્થિત તમામ અનાવિલોએ વિવિધ ડાન્સ એકપાર્ટીય અભિનય તથા સંગીત સંધ્યાનો આનંદમાણી હર્ષની લાગણી અનુભવી હતી કાર્યક્રમમાં સહભાગી તમામ કલાકારોનો સંસ્થા ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

આ પ્રસંગે શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળ દ્વારા ચલાવાતા કોમ્પ્યુટર ક્લાસીસને વધુ અધ્યતન કોમ્પ્યુટર લેબ બનાવવા માટે લાર્સન એન્ડ ટુબ્રો હજીરાના સી.એસ.આર. ફંડમાંથી આધુનિક કોમ્પ્યુટર અર્પણ કરવામાં આવ્યા હતા. જેનું લોકાર્પણ એલ.એન્ડ.ટી.(હજીરા)ના વાઇસ પ્રેસિડન્ટ શ્રી સંજયભાઇ એચ દેસાઈ ના વરદહસ્તે કરવામાં આવ્યું.

શ્રી સંજયભાઈ એચ. દેસાઈએ સંસ્થાના એમ બી દેસાઇ કોમ્પ્યુટર કલાસ, સ્વ. કાંતાબેન રમણલાલ નાનુભાઈ દેસાઈ કન્યા છાત્રાલય તેમજ ગાંડા મહારાજ કુમાર છાત્રાલયની મુલાકાત લીધી હતી અને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓને માટે શુભેચ્છા પાઠવી હતી.

અમારા આમંત્રણને માન આપી ઉપસ્થિત રહેલ એલ એન્ડ ટી લીમટેડ હજીરાના વાઇસ પ્રેસિડન્ટ શ્રી સંજયભાઈ એચ. દેસાઈનો સંસ્થા ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે.

શ્રીમતી શૈફાલીબેન સંજયભાઈ દેસાઈનો પણ સસ્થા ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે.

એલ એન્ડ ટી લિમિટેડના અન્ય પદાધિકારીઓ શ્રી વિનયભાઈ દેસાઈ, સુશ્રી અલ્પાબેન પટેલ મેડમ તથા અન્ય કર્મચારીઓનો પણ સંસ્થા ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

આનંદ મેળામાં ઉપસ્થિત તમામ અનાવિલોનો સંસ્થા ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

આ કાર્યક્રમમાં સહભાગી એવા તમામ ફૂડ અને નોન ફૂડ સ્ટોલ ધારકોનો પણ સસ્થા ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

જય અનાવિલ

શ્રી દયાળજી અનાવીલ કેળવણી મંડળના સર્વે ટ્રસ્ટીશ્રીઓ હોદેદારો તથા કારોબારી સભ્યો.

---

ઉદાસીના મહોરા પહેરી ફરતા ચહેરા
સ્વાર્થના બુરખા ઓઢી મળતા ચહેરા
દર્દ ફરિયાદને મતલબ પૂરા થયા
લાગણીને લાત મારી ખસતા ચહેરા
ભીત બારી બારણા પોપચા ઢળતા રહ્યા
સુમરતિના રૂમાલે અશ્રુ લુછતા ચહેરા
ઉંબરા વરડી કે પાદરની યાદ વાગોળી
સ્પર્શની મીઠી ભીનાશે હસતા ચહેરા
દુવા દુવા ને પાર્થના ફીરજ થઈ ગયા
હવે શ્રદ્ધાની ચીગમ ચાવતા ચહેરા
કલાકો દિવસો ને વરસો વીતી ગયા
માદરે વતનની યાદે ભીંજાતા ચહેરા

- રણધીર નાયક (ન્યુજર્સી. યુ.એસ.એ.)

# <u>આ છે..... સાચી માનવસેવા !!!!!</u>

તમે માનશો નહી; ભાવનગરની સિવિલ હોસ્પિટલ કરતા એક ગામડાની હોસ્પિટલમાં રોજની OPD [આઉટ પેશન્ટ ડીપાર્ટમેન્ટ] ૧૦૦૦ થી વધુ થાય છે! રોજના ૨૫ થી વધુ ઓપરેશન થાય છે! સુરતથી રોજના અસંખ્ય દર્દીઓ આ ગામડાની હોસ્પિટલમાં સારવાર માટે આવે છે!

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ટીંબી ગામની નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલની આ વાત છે. આ હોસ્પિટલની વિશેષતા શું છે? અહીં સર્જરી થાય છે. પ્રોસ્ટેટ/થાઈરોઈડ/એપેન્ડિક્સ/આંતરડા, નાક, કાન, ગળા/સીઝેરિયન/મોતિયા/ઝામર/ઓર્થોપેડિક/મણકા/ફેફસા/ગર્ભાશયની કોથળી વગેરે. સુવિધાઓ શું છે? ૨૪ કલાક ઈમરજન્સી સારવાર/અધ્યતન લેબોરેટરી/ફીઝિયોથેરાપી/ફેકો મશીન/ફિટલ ડોપ્લર/ઓટો રીફેક્ટોમીટર/લેસર મશીન/નવજાત બાળકો માટે વોર્મર/ ડિજિટલ એક્સ-રે/ડેન્ટલ એક્સ-રે/ટોનીમીટર/કલર ડોપ્લર/ઈકોકાર્ડિયોગ્રામ/ટ્રેડમિલ ટેસ્ટઝ/હાર્ટએટેક માટેની થ્રોમ્બોલિસિસ - ડીફિબ્રીલેશન; મોનિટરિંગ વગેરેની સુવિધા.

તમે નહી માનો;  
આ હોસ્પિટલમાં કેશ કાઉન્ટર જ નથી!  
ધર્મ/જ્ઞાતિ/જાતિના ભેદભાવ નહી;  
માત્ર માનવસેવા.  
સારવાર મફત.  
દવાઓ મફત.  
જમવાનું મફત.  
ઓપરેશનનો પણ કોઈ ચાર્જ નહી.

દર મહિને ૫૦ લાખનો ખર્ચ થાય છે. આ આરોગ્યધામ ૯ જાન્યુઆરી, ૨૦૧૧ માં પાંચ કરોડના ખર્ચે બન્યું. આનો વિચાર ૨૦૦૫માં શિવરાત્રિના દિવસે ઢસા ખાતે સ્વામી નિર્દોષાનંદજીને આવ્યો. તેમણે જોયું કે પૈસાના અભાવે દર્દીઓના મોત થાય છે. તેમણે આઠ વ્યક્તિઓનું ટ્રસ્ટ બનાવ્યું. પાસે એક રુપિયો નહી. નિર્દોષાનંદજી પૈસાને સ્પર્શ ન કરે. લાકડી અને કમંડળ તેની સંપતિ. ટ્રસ્ટીઓ મૂંઝાય. નિર્દોષાનંદજીને પૂરો આત્મવિશ્વાસ; કહે : 'માનવતા મોટી છે, થઈ જશે!

માનવસેવા જ પ્રભુસેવા. દર્દી દેવો ભવ!!!!''

*નિર્દોષાનંદજીની સુવાસ તો જુઓ! શરૂઆતમાં જ ચાર કરોડનો ફાળો થયો! દાતાઓ આ હોસ્પિટલને ૯ વર્ષ એટલે કે ૩૦૦૦ દિવસ થયા; તેની ઊજવણી છે. અત્યાર સુધીમાં ૧૪,૩૬,૨૫૭ OPD સારવાર; ૩૭,૪૫૩ સર્જરી; ૫,૮૪,૪૩૭ અન્ય વિભાગોમાં સારવાર; ૬,૪૧૮ પ્રસૂતિઓ; ૭,૩૮૧ મોતિયા/ઝામર/વેલના ઓપરેશન અને ૨૧,૦૨,૮૦૦ ભોજનાર્થીઓ ! દર્દીઓને સવાર-સાંજ ગાયનું તાજું દૂધ ! સગર્ભા મહિલાઓને શુદ્ધ ઘીની સુખડી અને ઓસડિયાયુક્ત પાક

*તમારી નજીક કોઈ દર્દી સારવારના અભાવે મૃત્યુ ન પામે; એટલી તકેદારી રાખજો.

**સંકલન – મધુસુદન દેસાઈ**

# સમાજમાં આગેવાન બનવું સહેલું નથી

સમાજની સેવા કરવી બહુ જ કઠીન કામ છે, સમાજમાં દરેક વ્યક્તિના વિચારો, પ્રકૃતિ, પરિસ્થિતને અનુકૂળ કામ કરવા પ્રયત્નો કરવા પડે છે.

સમાજના કોઈ આગેવાન નિઃસ્વાર્થ સેવા કરતો હોય તો પણ કડવા ઘૂંટ કેટલીયવાર પીવા પડે છે, કદીચ નાની ભૂલ થઈ હોય તો પણ તેવા વ્યક્તિ પર ઘણી આંગળીઓ ઊઠે છે.

એક વાત હંમેશા યાદ રાખજો, જે સમાજ માટે કામ કરે છે તેના પર જ આંગળીઓ ઊઠે છે, અને ક્યારેક તેઓ આ કારણે સેવાથી દૂર પણ થતા જાય.

જો આપણે સમાજ માટે કશું જ ના કરી શકતા હોઈએ તો સમાજ કાર્યકર્તાને નુકસાન પણ ના પહોંચાડીએ. જો એવી વિચારસરણી આપણામાં હોય તો સમાજ પ્રગતિ તરફ ૧૦૦ ટકા આગળ વધે છે.

સમાજના આગેવાનો સમાજ જોડેથી પગાર નથી લેતા છતાં પણ સમાજને દરેક જગ્યાએ તન, મન, ધનથી મદદરૂપ થતા હોય છે.

આજે જરૂર છે સમાજને મજબૂત કરવાની, સમાજના આગેવાનોને મદદરૂપ થાઓ, અને કશું જ જો આપણાથી ના થતું હોય તો આગેવાનોને જે નિઃસ્વાર્થ સેવા કરતા હોય તેમને એટલું કહો અમે તમારી સાથે છીએ.

સમાજની સેવા કરવાવાળા વ્યક્તિની કદર કરો, કારણ કે સમાજની અંદર પીઠ પાછળ કે સામે એ વ્યક્તિ ગાળો પણ સાંભળતો હોય છે.

**સંકલન – મધુસુદન દેસાઈ**

## પતિ પત્નીના સંબંધોને આધીન

એક બીજા ને ગમતાં રહિયે
કઈ ખટકે તો ખમતાં રહિયે
સંજોગો કેવા પણ સર્જાય
થોડા થોડા નમતાં રહિયે
સ્વાર્થી-સાંકડા સંકુચિત ન રહેતા
નદીના નીર થઈ વહેતા રહિયે
વાત અંદર અંદર ન વાગોળતા
એક મેકને કહેતાં રહિયે
પડી ગાંઠના
સરવાળા-બાદબાકી ન કરતાં
મીઠાં સંબંધોનો ગુણાકાર કરતાં રહિયે.

## મેડિકલ કોલેજ ગ્રંથાલયનાં દીપ્તિ દેસાઈ પી.એચ.ડી.



સ્લીમેર મેડિકલ કોલેજ ગ્રંથાલયનાં દીપ્તિ ઉપેન્દ્ર દેસાઈએ ડિપાર્ટમેન્ટ ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ વિભાગમાં 'UTILIZATATION OF STANDING OPERATING PROCEDURE IN HEALTH SCIENCE LIBRARY SERVICES: WITH SPECIAL REFERENCE TO MEDICAL COLLEGES OF GUJARAT' ના શીર્ષક હેઠળ મહાશોધ નિબંધ નિર્મદ યુનિવર્સિટીમાં રજૂ કર્યો હતો. જેને માન્ય રાખી યુનિવર્સિટીએ તેણીને પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરી હતી. આ સંશોધન કાર્ય તેણે સ્મીમેર મેડિકલ કોલેજના ગ્રંથપાલ ડો. સંજીવકુમાર શર્માના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું હતું.

## બીમારી સામે લડવા બાળકોના સ્ટેમસેલ સ્ટોર કરાય

બંને બાળકોને ભવિષ્યમાં શારીરિક તકલીફ ન પડે તે માટે સ્ટેમસેલ સ્ટોર કર્યા છે. ડો. પ્રધાને જણાવ્યું કે લીમ્ફોમાં કે કેન્સર જેવી જીનેટીક બીમારી થાય તો સ્ટેમસેલની મદદથી સારવાર આપી શકાય છે. સ્ટેમસેલ ગંભીર બીમારીમાં ખૂબ ઉપયોગી છે.

## ઘર બનાવ્યું છે

પવનથી પાતળી ક્ષણમાં ખૂંપીને ઘર બનાવ્યું છે,
જીવનની આગવી ક્ષણને ટૂંપીને ઘર બનાવ્યું છે.
ગઝલની રાજસી ક્ષણને સીંચીને ઘર બનાવ્યું છે,
સફર સંવેદનાની કૈં ખૂંદીને ઘર બનાવ્યું છે.
હતું ત્યાં પાનખરનું રાજ એથી કોયલે જુઓ,
કરી ટહુકો વસંતી પણ પૂછીને ઘર બનાવ્યું છે.
મને દુઃખો પછી ક્યાંથી ચલિત કરવામાં ફાવે છે?
સુખોની મેં બધી પગલી લૂછીને ઘર બનાવ્યું છે.
ખબર ક્યાં કે ગમે ત્યારે પડે પથ્થર હવામાંથી,
મેં પાયામાં જ પથ્થરને મૂકીને ઘર બનાવ્યું છે.

- પ્રજ્ઞા વશી

# <u>લગ્નસંબંધી</u>

| | | |
|---|---|---|
| નામ | : | ચિંતન દિપક મહેતા |
| જન્મ તારીખ | : | ૨૫.૦૧.૧૯૮૫ |
| | | હરારે, ઝિમ્બાવે |
| અભ્યાસ | : | બી.કોમ. |
| | | (ઇન્ફોમેશન સિસ્ટમસ), પ્રોજેક્ટ મેનેજમેન્ટ |
| | | રોહડીસ યુનીવર્સીટી |
| | | સાઉથ આફ્રિકા |
| | | પી.એમ.પી. સર્ટીફાઇડ, પ્રોજેક્ટ મેનેજર |
| નોકરી | : | ડાયરેક્ટર બિઝનેશ |
| | | સોલ્યુશન્સ, ઓબ્જેકર |
| | | શાર્પ ટોરોન્ટો, કેનેડામાં – સિનિયર સેલ્સ |
| | | એકઝીકયુટીવ, ડેટા એનલાઈઝર |
| | | ૨૦૧૮ માં છુટાછેડા લીધેલ છે. |
| ગામ | : | મરોલી |
| | | એક નાનો ભાઈ હરારેમાં કામ કરે છે. |
| સંપર્ક | : | દીપિકા દેસાઇ – માહિમ |
| | | મો.: ૯૯૨૦૧ ૦૬૧૪૫ |
| | | વૈશાલી દેસાઇ – વિલેપાર્લા |
| | | મો.: ૯૮૩૩૯ ૭૭૪૩૫ |
| પિતા | : | દિપક સુમંતરાય મહેતા |
| માતા | : | સ્મૃતિ દિપક મહેતા |

# અવસાન



| ગામ | નામ | તારીખ |
|---|---|---|
| સુરત | હર્ષદભાઈ છોટુભાઈ દેસાઈ | ૨૬-૧૧-૨૦૨૨ |
| મુંબઈ | નલિની રોમેશ દેસાઈ | ૨૮-૧૧-૨૦૨૨ |
| નવસારી | હેમલતાબેન મુકેશભાઈ દેસાઈ | ૨૯-૧૧-૨૦૨૨ |
| દેગામ | ઉષાબેન ચંદ્રકાંત દેસાઈ | ૩૦-૧૧-૨૦૨૨ |
| - | આશાબેન ઠાકોરભાઈ દેસાઈ | ૩૦-૧૧-૨૦૨૨ |
| બીલીમોરા | મંજુલાબેન અરવિંદભાઈ દેસાઈ | ૧-૧૨-૨૦૨૨ |
| વડોદરા | સરયુબેન વિક્રમભાઈ દેસાઈ | ૧-૧૨-૨૦૨૨ |
| એંધલ/સુરત | કલ્પનાબહેન મહેશભાઈ નાયક | ૨-૧૨-૨૦૨૨ |
| સુરત | કાલિદીબેન (બકુ) પ્રદીપભાઈ દેસાઈ | ૨-૧૨-૨૦૨૨ |
| સુરત | પ્રવિણાબેન રમેશચંદ્ર નાયક | ૨-૧૨-૨૦૨૨ |
| નવસારી | મધુબેન સુમંતભાઈ દેસાઈ | ૩-૧૨-૨૦૨૨ |
| વલસાડ | કુસુમબેન દિનકરરાય દેસાઈ | ૩-૧૨-૨૦૨૨ |
| ગોથાણ | ઈન્દુબેન (ચંપાબેન) મહેશચંદ્ર દેસાઈ | ૪-૧૨-૨૦૨૨ |
| સુરત | સુધાબેન રજનીકાંત નાયક | ૪-૧૨-૨૦૨૨ |
| ચણોદ | ધર્મેશભાઈ અશોકભાઈ દેસાઈ | ૫-૧૨-૨૦૨૨ |
| બારડોલી | હંસાબેન રમણભાઈ નાયક | ૫-૧૨-૨૦૨૨ |
| વાવ | આશાબેન કિશોરભાઈ દેસાઈ | ૫-૧૨-૨૦૨૨ |
| પરિયા/વલસાડ | દેવાંગભાઈ (ચકુ) રણજીતભાઈ દેસાઈ | ૬-૧૨-૨૦૨૨ |
| પંડોર/ભાયંદર | ઉર્મિલાબેન નીછાભાઈ દેસાઈ | ૬-૧૨-૨૦૨૨ |
| અમલસાડ | નરેન્દ્રભાઈ મણીભાઈ નાયક | ૬-૧૨-૨૦૨૨ |
| વલસાડ | ભૂપેન્દ્રભાઈ નારણજી દેસાઈ | ૬-૧૨-૨૦૨૨ |
| ખરોલી/સુરત | સરલાબેન અમૃતલાલ દેસાઈ | ૭-૧૨-૨૦૨૨ |
| દેગામ | નયનાબેન હર્ષદભાઈ દેસાઈ | ૭-૧૨-૨૦૨૨ |
| હરીયા | દિપકભાઈ (ભુલાભાઈ) છોટુભાઈ દેસાઈ | ૭-૧૨-૨૦૨૨ |
| બીલીમોરા | નીલાબેન મોહનભાઈ દેસાઈ | ૮-૧૨-૨૦૨૨ |
| વલસાડ | સંજય નાથુભાઈ દેસાઈ | ૯-૧૨-૨૦૨૨ |
| મંદિર | કલ્પનાબેન (કાંતાબેન) સુભાષભાઈ નાયક | ૯-૧૨-૨૦૨૨ |
| ઉમરસાડી/વલસાડ | પુષ્પાબેન કિશોરભાઈ દેસાઈ | ૧૧-૧૨-૨૦૨૨ |
| નવસારી | બળવંતરાય જીવણજી નાયક | ૧૧-૧૨-૨૦૨૨ |
| વડોદરા | અજીતભાઈ મનુભાઈ દેસાઈ | ૧૧-૧૨-૨૦૨૨ |
| છાપરા | ભુપતભાઈ મોતીભાઈ દેસાઈ | ૧૧-૧૨-૨૦૨૨ |
| વલસાડ | પુષ્પાબેન કિશોરચંદ્ર દેસાઈ | ૧૧-૧૨-૨૦૨૨ |

| | | |
|---|---|---|
| વલસાડ | સ્નેહલબેન (અનસુયાબેન) નરેશભાઈ દેસાઈ | ૧૧-૧૨-૨૦૨૨ |
| માણેકપુર | વિનોદભાઈ ધીરુભાઈ નાયક | ૧૨-૧૨-૨૦૨૨ |
| સુરત | કૈલાશબેન (કીલીબેન) રમેશચંદ્ર દેસાઈ | ૧૨-૧૨-૨૦૨૨ |
| સોનવાડી/યુકે | કિશોરભાઈ ભીમભાઈ દેસાઈ | ૧૨-૧૨-૨૦૨૨ |
| સોનવાડા/કાંદિવલી | શશીકાંત મોહનભાઈ દેસાઈ | ૧૩-૧૨-૨૦૨૨ |
| પરૂજણ/નવસારી | વિજયભાઈ બાપુભાઈ દેસાઈ | ૧૩-૧૨-૨૦૨૨ |
| અમલસાડ | મોહનલાલ વસનજી મહેતા | ૧૩-૧૨-૨૦૨૨ |
| સુરત | ભાનુબેન બિપિનચંદ્ર દેસાઈ | ૧૪-૧૨-૨૦૨૨ |
| પરીઆ/ઓલપાડ | હાર્દિકકુમાર કનૈયાલાલ નાયક | ૧૪-૧૨-૨૦૨૨ |
| વલપાડ/બોરીવલી | શાંતિલાલ ખંડુભાઈ દેસાઈ | ૧૫-૧૨-૨૦૨૨ |
| ગડત | જશવંતરાય (જશુભાઈ) ભીખુભાઈ નાયક (ચક્ષુદાતા) | ૧૫-૧૨-૨૦૨૨ |
| પલસાણા | દિલીપભાઈ રમણભાઈ દેસાઈ | ૧૭-૧૨-૨૦૨૨ |
| આમચક/સુરત | રેખાબેન અશોકભાઈ મહેતા | ૧૭-૧૨-૨૦૨૨ |
| નવસારી | લતાબેન (જશુબેન) અમૃતલાલ મહેતા (ચક્ષુદાતા) | ૧૭-૧૨-૨૦૨૨ |
| ખડકી ભાગડા | તારાબેન રતીલાલ દેસાઈ | ૧૭-૧૨-૨૦૨૨ |
| બુહારી | કોકિલાબેન વિજયભાઈ દેસાઈ | ૧૮-૧૨-૨૦૨૨ |
| સુરત | હર્ષદરાય ગુલાબભાઈ દેસાઈ | ૧૯-૧૨-૨૦૨૨ |
| ખરસાડ/નવસારી | પ્રબોધચંદ્ર મગનલાલ દેસાઈ | ૧૯-૧૨-૨૦૨૨ |
| સુરત/યુએસએ | કાન્તાબેન રામચંદ્ર દેસાઈ | ૧૯-૧૨-૨૦૨૨ |
| અટકપારડી | નરેન્દ્રભાઈ ધીજરલાલ દેસાઈ | ૨૨-૧૨-૨૦૨૨ |
| છીરી/વાપી | અનુપકુમાર (છનુ) મનુભાઈ દેસાઈ | ૨૨-૧૨-૨૦૨૨ |
| અમલસાડ/અમદાવાદ | અજીતભાઈ નાનુભાઈ દેસાઈ | ૨૩-૧૨-૨૦૨૨ |
| હનુમાન ભાગડા/સુરત | ઠાકોરભાઈ દયાળજી દેસાઈ | ૨૩-૧૨-૨૦૨૨ |
| વલસાડ | બંકીમ યશવંતરાય દેસાઈ | ૨૪-૧૨-૨૦૨૨ |
| કાલિયાવાડી/વિલેપાર્લા | અરુણકુમાર ઠાકોરલાલ દેસાઈ | ૨૪-૧૨-૨૦૨૨ |
| પડિયા/ઉદવાડા | પ્રતિમાબેન (માલતીબેન) ભરતભાઈ દેસાઈ | ૨૫-૧૨-૨૦૨૨ |
| મોટાવરાછા | વિક્રમભાઈ (બચુભાઈ) નાનુભાઈ દેસાઈ | ૨૫-૧૨-૨૦૨૨ |
| ઓરવાડ | ભગવાનજીભાઈ ગુલાબભાઈ દેસાઈ | ૨૫-૧૨-૨૦૨૨ |
| સુરત | ઉષાબેન અમૃતલાલ દેસાઈ | ૨૫-૧૨-૨૦૨૨ |
| લાડવી | કિકિબેન ઠાકોરભાઈ દેસાઈ | ૨૬-૧૨-૨૦૨૨ |
| કાલીયાવાડી | જયંતિલાલ બળવંતરાય મહેતા | ૨૬-૧૨-૨૦૨૨ |
| તીઘરા | કાંતાબેન રતિલાલ દેસાઈ | ૨૭-૧૨-૨૦૨૨ |

જ્ઞાતિજનોનાં અવસાન ની દુઃખ સાથે નોંધ લઈએ છીએ અને પરમ કૃપાળુ પરમાત્મા એમનાં આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

# સાભાર – સ્વીકાર

**અસહાય મહિલા સહાય ફંડ**

| | | |
|---|---|---|
| – | હીમાબેન આર. દેસાઈ, વલસાડ,પારડી | ૧૧,૧૧૧/– |

**પંચાગ ફંડ**

| | | |
|---|---|---|
| – | નલીનકુમાર એમ. નાયક, વિલેપાર્લા | ૧૦,૦૦૦/– |

**એજ્યુકેશન ફંડ**

| | | |
|---|---|---|
| – | બીનીતાબેન આર. દેસાઈ, જમાલપોર | ૧૦,૦૦૦/– |

**લેન્ડ એન્ડ બિલ્ડીંગ ફંડ**

– ભક્તિબેન ગાંધી, (સ્વ. શ્રી મનુભાઈ નીછાભાઈ દેસાઈ)
એમના પિતાશ્રી ના સ્મરણાર્થે, બોરીવલી ૨૫,૦૦૧/–
(શ્રી મધુસુદનભાઈ દેસાઈ ના પ્રયત્નોથી)

**ડીસેમ્બર ૨૦૨૨ના લાભાર્થીઓ**

| | | |
|---|---|---|
| – | એજ્યુકેશન ફંડ | ૨,૪૭,૦૦૦/– |
| – | બાળક દત્તક ફંડ | ૪,૦૦૦/– |
| – | લોન પર વ્યાજ | ૩૬,૮૭૬/– |
| | કુલ સહાય, ડીસેમ્બર–૨૦૨૨ | ૨,૮૭,૮૭૬/– |

**આજીવન સભ્યો**

– – દીપેનભાઈ રણજીત દેસાઈ, અંધેરી ૧,૦૦૦/–

લી. દિલિપભાઈ આર. દેસાઈ (ખજાનચી)

## જયારે વૃદ્ધ લોકો વધારે બોલે છે, ત્યારે તેઓ કટાક્ષ કરે છે, પરંતુ ડોકટરો તેને વરદાન માને છે.

ડોકટરો કહે છે કે નિવૃત્ત લોકોએ (વરિષ્ઠ નાગરિકો) વધુ વાત કરવી જોઈએ કારણ કે યાદશક્તિની ખોટ અટકાવવા માટે હાલમાં કોઈ ઉપાય નથી. વધુ વાત કરવી એ એકમાત્ર રસ્તો છે.

વરિષ્ઠ નાગરિકોને વધુ પડતી વાત કરવાથી ઓછામાં ઓછા ત્રણ ફાયદા થાય છે.

પ્રથમ: બોલવું મગજને સક્રિય કરે છે અને મગજને સક્રિય રાખે છે, કારણ કે ભાષા અને વિચાર એકબીજા સાથે વાતચીત કરે છે, ખાસ કરીને જ્યારે ઝડપથી બોલવામાં આવે છે, જે સ્વાભાવિક રીતે ઝડપથી વિચારવાની પ્રતિક્રિયામાં પરિણમે છે અને યાદશક્તિમાં પણ વધારો કરે છે. જે વરિષ્ઠ નાગરિકો વાત કરતા નથી તેમને યાદશક્તિમાં ઘટાડો થવાની શક્યતા વધુ હોય છે.

બીજું: વધુ વાત કરવાથી તણાવ દૂર થાય છે, માનસિક બીમારીઓથી બચે છે અને તણાવ ઓછો થાય છે. આપણે ઘણી વાર કશું બોલતા નથી, પરંતુ આપણે તેને આપણા હૃદયમાં દફનાવી દઈએ છીએ અને ગૂંગળામણ અને અસ્વસ્થતા અનુભવીએ છીએ. તે સાચું છે, તેથી, વરિષ્ઠોને વધુ વાત કરવાની તક આપવી તે સારું રહેશે.

ત્રીજું: બોલવાથી ચહેરાના સક્રિય સ્નાયુઓની કસરત તેમજ ગળાની કસરત થઈ શકે છે અને ફેફસાંની ક્ષમતામાં વધારો થાય છે, તેમજ આંખો અને કાનને નુકસાન થવાનું જોખમ ઘટાડી શકાય છે અને ચક્કર આવવા, માથાનો દુખાવો અને બહેરાશ જેવા ગુપ્ત જોખમો ઘટાડે છે.

ટૂંકમાં, નિવૃત્ત લોકો, એટલે કે વરિષ્ઠ નાગરિકો, અલ્ઝાઈમરથી બચવાનો એકમાત્ર રસ્તો એ છે કે તમે બને તેટલી વાત કરો અને લોકો સાથે સક્રિય રીતે વાતચીત કરો. આનો બીજો કોઈ ઈલાજ નથી.

બને તેટલું તમારા વરિષ્ઠોને મોકલો...

**સંકલન – મધુસુદન દેસાઈ**

## ટ્રસ્ટ માહિતી

**સંસ્થાનું નામ** : શ્રી અનાવિલ સમાજ, મુંબઈ

**રજીસ્ટર ઓફીસ અને પત્રવ્યવહાર સરનામું** : ૨૧૫, મગન મહલ, ૧ લે માળે, સર એમ.વી. રોડ, અંધેરી (ઈ), મુંબઈ – ૪૦૦ ૦૬૯. ઈંડિયા

**ફોન** : +૯૧-૨૨-૩૫૪૧ ૮૬૮૧, મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮

**ઈમેઈલ** : jaianavilpub@yahoo.com • **વેબસાઈટ** : www.anavilsamaj.org

**ટ્રસ્ટ રજીસ્ટ્રેશન** : અન્ડર ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦

**રજીસ્ટ્રેશન નં.** : એ-૬૩૨ (મુંબઈ) તા. ૯ નવેમ્બર ૧૯૫૨

**આવકવેરા રજીસ્ટ્રેશન અને એક્ઝેમ્પશન :**

અ) રજીસ્ટ્રેશન અન્ડર સેક્શન ૧૨એ (અ) ઓફ ધી આઈ.
ટેક્સ એક્ટ, ૧૯૬૧: ટીઆર/૩૬૬૦૨ તા. ૪ એપ્રિલ ૨૦૦૨

બ) શ્રી અનાવિલ સમાજ, મુંબઈને દાન આવકવેરા અધિનિયમ
૧૯૬૧ ની ૮૦ જી (૫) હેઠળ મુક્તિ છે.
ઓર્ડર નં. ડીઆઈટી(ઈ)/એમસી/૮૦જી/૨૦૫૯/૨૦૦૯-૧૦

**આવકવેરા વિભાગ દ્વારા રજુ કરાયેલ પેન : એએએટીએસ૧૮૯૯કે**

### ફોરેન ના દાતાઓ માટે બેંક એકાઉંટસની વીગત

### ટ્રસ્ટનું નામ – શ્રી અનાવિલ સમાજ, મુંબઈ

**સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ન્યુ દીલ્હી મેઈન બ્રાન્ચ (કોડ ૦૦૬૯૧)**

૧૧, પાર્લામેન્ટ સ્ટ્રીટ, ન્યુ દીલ્હી એનસીટી ઓફ દીલ્હી – ૧૧૦૦૦૧. PURPOSE CODE : P1303

એકાઉન્ટ નં. ૪૦૨૩૪૯૫૧૪૭૪, આઈએફએસસી કોડ : SBIN0000691 SWIFT : SBININBB104

**બેંક અકાઉન્ટ :**

**બેંક ઓફ ઈંડિયા,** એસ.એસ.આઈ. અંધેરી, મથુરીયા અપાર્ટમેન્ટ, ૪૯, સર એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

**બચત ખાતા નં. ૦૦૯૦૧૦૧૦૦૦૦૫૪૧૪,**

**આઈ.એફ.એસ.સી. : બીકેઆઈડી૦૦૦૦૦૯૦**

**એચડીએફસી બેંક લીમીટેડ** ઈમ્પેરીયલ મહલ, ગ્રાઉન્ડ ફ્લોર, ખોડાદાદ સર્કલ, દાદર, ટી.ટી. મુંબઈ – ૪૦૦ ૦૧૪.

**બચત ખાતા નં. ૫૦૧૦૦૦૭૮૨૬૧૨૬૭,**

**આઈ.એફ.એસ.સી. : એચડીએફસી૦૦૦૦૦૮૪**

**ઓડીટર :**

મે. સંજય એમ. દેસાઈ એન્ડ કાં. ૨૫, ગંગા નિવાસ, આઝાદ સ્ટ્રીટ, ઓફ એસ.વી. રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ – ૪૦૦ ૦૫૮.

**ડોનેશન :**

ડોનેશન આપવા માટે ચેક ઉપર **શ્રી અનાવિલ સમાજ, મુંબઈ** નામ લખવું.

# તા. ૦૭.૦૧.૨૦૨૩ થી તા. ૦૫.૦૨.૨૦૨૩ સુધી નું પંચાગ

વિ. સં. ૨૦૭૯ — ૐ ઐં હ્રીં શ્રી ક્લીં — જાન્યુઆરી ૨૦૨૩

* શુભ દિવસ — શુ ભ — **પોષ વદ** — લા ભ

| તિથિ | વાર | તા. | નક્ષત્ર | સૂ.ઉ.૦૭.૧૫ શ્રી મંગલમ્ સૂ.અ.૧૮.૧૪ |
|---|---|---|---|---|
| ૧ | શનિ | ૭ | પુન. | – (ચંદ્ર – કર્ક : ૨૦.૨૪) |
| ૨ | રવિ | ૮ | પુષ્ય | દ્વિતીયા વૃદ્ધિ તિથિ |
| *૨ | સોમ | ૯ | આશ્લે. | – |
| ૩ | મંગળ | ૧૦ | આશ્લે. | સંકષ્ટ ચતુર્થી (અંગારકી), ચંદ્રોદય ૨૧.૧૨, શ્રી મુંડીયાસ્વામી પુણ્ય તિથિ (ચંદ્ર – સિંહ : ૯.૦૧) |
| ૪ | બુધ | ૧૧ | મઘા | સૂર્ય ઉત્તરષાઢામાં ૧૪.૧૩ |
| *૫ | ગુરૂ | ૧૨ | પૂ. ફા. | સ્વામી વિવેકાનંદ જયંતી, બુધ પૂર્વોદય, મંગળ માર્ગી ૨૬.૨૭ (ચંદ્ર – કન્યા : ૨૧.૦૦) |
| *૬ | શુક્ર | ૧૩ | ઉ. ફા. | – |
| ૭ | શનિ | ૧૪ | હસ્ત | કાલાષ્ટમી, શ્રી રામાનંદાચાર્યજી જયંતી, સૂર્ય મકરમાં ૨૦.૪૬, મકર સંક્રાંતિ, ધનુર્માસ સમાપ્ત (ચંદ્ર – તુલા : ૩૦.૪૯) |
| ૮ | રવિ | ૧૫ | ચિત્રા | કાલાષ્ટમી, મકર સંક્રાંતિ પુણ્યકાળ સૂ. ઉ. થી સૂ. અ., પોંગલ |
| ૯ | સોમ | ૧૬ | સ્વાતિ | – |
| ૧૦ | મંગળ | ૧૭ | વિશાખા | શનિ માર્ગી કુંભમાં ૧૭.૪૮, વ્યતિપાત મહાપાત ૧૪.૧૦ થી ૧૯.૪૬, વિંછુડો પ્રારંભ (ચંદ્ર – વૃશ્ચિક : ૧૩.૦૦) |
| *૧૧ | બુધ | ૧૮ | અનુરાધા | ષટ્તિલા એકાદશી (કોપરુ), અમૃતસિદ્ધિ યોગ સૂ. ઉ. થી ૧૭.૨૩ |
| ૧૨ | ગુરૂ | ૧૯ | જ્યેષ્ઠા | પ્રદોષ, વિંછુડો સ. (ચંદ્ર – ધન : ૧૫.૧૯) |
| ૧૩ | શુક્ર | ૨૦ | મૂળ | શિવરાત્રિ, ચતુર્દશી ક્ષય તિથિ, સૂર્ય કુંભમાં ૧૪.૦૯ |
| ૩૦ | શનિ | ૨૧ | પૂ. ષા. | દર્શ અમાવસ્યા (ચંદ્ર – મકર : ૧૪.૫૫) |
| *૧ | રવિ | ૨૨ | શ્રવણ | શુક્ર કુંભમાં ૧૫.૫૫, હર્ષલ માર્ગી ૨૮.૨૯ |
| ૨ | સોમ | ૨૩ | ધનિષ્ઠા | ચંદ્ર દર્શન, નેતાજી જયંતી, પંચક પ્રા. (ચંદ્ર–કુંભ : ૧૩.૫૩) |
| ૩ | મંગળ | ૨૪ | શત. | તીલકુંદ ચતુર્થી, પંચક, સૂર્ય શ્રવણમાં ૧૬.૨૯ |
| ૪ | બુધ | ૨૫ | પૂ. ભા. | વિનાયક /વરદ ચતુર્થી, શ્રી ગણેશ જયંતી (ચંદ્ર–મીન : ૧૪.૩૦) |
| *૫ | ગુરૂ | ૨૬ | ઉ. ભા. | શ્રી / વસંત પંચમી, ગણરાજ્ય દિન, પંચક, સરસ્વતી પૂજા |
| *૬ | શુક્ર | ૨૭ | રેવતિ | અમૃતસિદ્ધિ યોગ સૂ. ઉ. થી ૧૮.૩૭, પંચક સ. (ચંદ્ર–મેષ : ૧૮.૩૭) |
| *૭ | શનિ | ૨૮ | અશ્વિની | રથ / ભાનુ સપ્તમી, ભીમાષ્ટમી, લાલા લજપતરાય જયંતી |
| ૮ | રવિ | ૨૯ | ભરણી | દુર્ગાષ્ટમી, ખોડિયાર મા જયંતી, વૈધૃતિ મહાપાત ૧૨.૧૫ થી ૧૭.૩૦ (ચંદ્ર–વૃષભ : ૨૬.૪૬) |
| *૯ | સોમ | ૩૦ | કૃતિકા | ગાંધી નિર્વાણ દિન |
| ૧૦ | મંગળ | ૩૧ | રોહિણી | ભક્ત પુંડલિક ઉત્સવ (પંઢરપુર) |
| ૧૧ | બુધ | ૧ | મૃગ. | **ફેબ્રુઆરી :** જયા એકાદશી (શેરડી) (ચંદ્ર–મિથુન : ૧૪.૦૦) |
| *૧૨ | ગુરૂ | ૨ | આર્દ્રા | ભીષ્મ દ્વાદશી, પ્રદોષ |
| ૧૩ | શુક્ર | ૩ | પુન. | શ્રી વિશ્વકર્મા જયંતી, મોઢેશ્વરી માતાનો પાટોત્સવ (મોઢેરા), રણ ઉત્સવ (જેસલમેર), શનિ પશ્ચિમાસ્ત (ચંદ્ર–કર્ક : ૨૬.૩૨) |
| ૧૪ | શનિ | ૪ | પુન. | – |
| *૧૫ | રવિ | ૫ | પુષ્ય | વ્રતની પૂનમ, માઘી પૂર્ણિમા, માઘી સ્નાન સમાપ્ત, ગુરૂ રવિદાસ જયંતી, હોળી દંડારોપણ, ઘમારનો પ્રારંભ |

શુભેચ્છક

# હરક્યુલીસ પીગમેન્ટ્સ પ્રાયવેટ લીમીટેડ

**હેડ ઓફીસ**

૪૦૨, પેનીન્સુલા હાઈટ્સ, સી.ડી. બરફીવાલા માર્ગ,
અંધેરી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૮. ઈંડિયા

ફોન : +૯૧ ૨૨ ૨૬૨૪ ૮૪૨૬
ફેક્સ : +૯૧ ૨૨ ૨૬૨૪ ૯૩૯૩

**વર્કસ**

૩૧૬–બી, ૨ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

એ૧–૨૧૦૬, ૩ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

# બ્રિટાસેલ સીલીકોન લિ.

## તરફથી

# હાર્દિક શુભેચ્છા....

### ક્રોશેલ-૪૭૦

### ઉત્સાહ સાથે પીછાનાં સ્પર્શનો અનુભવ કરો

પરંપરાગત પોલીયુરેથીન આધારીત સુવાળો સોફ્નર માટે 'ક્રોશેલ-૪૭૦' એક સારી વિવિધતાવાળી ફેરબદલી. ઓછી માત્રા પર પર્યાવરણને અનુલક્ષીને એવી ઈલાસ્ટોમેટિક ફિનિશ ઉત્પન્ન.

સુધારેલા બાઉન્સ, હળવું શરીર અને ઉચ્ચ ટકાઉપણું માટે કોરા લિકિંગ સિલિકોન ઈલાસ્ટોમર. સુતરાઉ કાપડ અને પોલિએસ્ટર ડ્રેસ મટેરિયલ્સ માટે ખાસ યોગ્ય.





એફ-૧૮, એમ.આઇ.ડી.સી., અંધેરી (ઇસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૩.
ફોન : +૯૧ ૨૨૪૦૦૯૪૦૦૦
Email : bsl@britacelsilicones.com



# ડૉ. જાગૃતિ દેસાઇ

❖ એમ. એસ. (ઓપ્થાલ્મોલોજી)
ફેલોશીપ ઈન કેટારેક્ટ સર્જરી

❖ મોતિયાનાં ઓપરેશન ઈન્જેક્શન
વગર આધુનિક પદ્ધતિથી થશે.



❖ ઝામર, રેટિના (પડદા) ના
નિષ્ણાત ડૉક્ટર મળશે.

❖ સંપૂર્ણ પરિવાર માટે આંખ ની તપાસ.

❖ વર્લ્ડ ક્લાસ ઓપરેશન થિયેટર

## ઓક્યુલસ
### આઈ હૉસ્પિટલ

૧૦૧, જુહુ શીતલ, સમર્થ રામદાસ માર્ગ, કાસા બ્લાન્કા ની સામે,
ગુલમોહર ક્રોસ રોડ નં. ૯/૧૦ ની વચ્ચે, તિવારી સ્વીટ્સની પાસે, જે.વી.પી.ડી.

મોબાઈલ નં.:
૯૮૧૯૯૮૩૧૫૮
૯૮૨૦૦૯૪૧૫૨

**સમય: સવારે ૧૦ થી રાત્રે ૮ સુધી**



::: ઓપ્ટીશીયન શોપ :::

❖ દરેક બજેટ માટે ફ્રેમ

❖ તમારી બે આંખો વચ્ચેનું માપ અને
આંખનું સેન્ટર ચેક કર્યા પછી
સાયન્ટીફીક અને ટેકનીકલી
પરફેક્ટ ચશ્મા બનાવવામાં આવશે.

❖ ગોગલ્સ તમારા નંબર સાથે

❖ ફ્રી સર્વિસ એક વર્ષ માટે

**અનાવિલ સમાજ માટે માત્ર રૂ. ૫૦૦/-**

## સૌજન્ય દાતા - જય અનાવિલ



સ્વ. રાવબહાદુર ભીમભાઇ રણછોડજી જાગીરદારના પુત્રવધુ
સ્વ. વીરમતી ચીમનલાલ નાયક (ખરવાસા) ની સ્મૃતિમાં તેમના
ભાઈશ્રી સ્વ.વિપીનચંદ્ર ર. દેસાઈ તથા તેમના પરિવારજનો તરફથી ચિખલી.

### ખાસ સૂચના

આ અંકમાં કોઇ વ્યક્તિનું નામ, અથવા અન્ય કોઇ વિગત રહી ગઇ હોય, ખોટી છપાઇ હોય તો તે પ્રત્યે ધ્યાન દોરાતા આગામી અંકમાં સુધારીને પ્રસિદ્ધ કરવામાં આવશે. જા.ખ.ની વિગત ગુજરાતીમાં મોકલવી. લગ્ન અંગેની જાહેર ખબરમાં સંપર્ક અંગેની વિગતમાં ફક્ત ૨-૩ વ્યક્તિની વિગત લખવી.

- તંત્રીશ્રી

### જાહેરાતના દરો

જય અનાવિલ મુખપત્રકમાં જાહેરાતના દરો નીચે મુજબ છે.

આખુ પાનું (કલર) રૂા. ૩૦૦૦/- । આખુ પાનું (B/W) રૂા. ૨૦૦૦/- । લગ્ન વિષયક -રૂા. ૧૦૦૦/-

તંત્રી શ્રી મધૂસુદન દેસાઈએ
શ્રી અનાવિલ સમાજ, મુંબઈ વતી છાપ્યું અને પ્રસિધ્ધ કર્યુ.
૨૧૫, મગન મહલ, સર એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.
ફોન : ૩૫૪૧ ૮૬૮૧ / મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮ / વેબસાઈટ : www.anavilsamaj.org

પ્રિન્ટેડ એટ - અમોલ મહાડીક શીંદે (રૂપા પ્રીન્ટર્સવાળા)
૭, હકીમ કોટેજ, કુરાર વીલેજ, મલાડ (ઈ), મુંબઈ - ૪૦૦૦૯૭. મો.: ૯૨૨૧૦ ૫૦૨૯૩